સાબરકાંઠા-અરવલ્લીમાં આતંક મચાવતી લૂંટારું ગેંગ આખરે ઝબ્બે

ગાંધીનગર રેન્જ ડીઆઈજીની ટીમે ચાર સાગરીતોને પકડી પાડયા : પાંચ મોટી લુંટ-ઘરફોડ ઉકેલાઈ : મુખ્ય સુત્રધાર ફરાર : પિસ્તોલ લઈને લુંટ કરવા જતી હતી ટોળકી : ૫૦ લાખની લુંટ કરવાનો પ્લાન ઘડયો હતો

ગાંધીનગર, તા.૧૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરી-લુંટ તથા બેંકમાંથી એટીએમ કે તિજોરી ચોરી જવાના કિસ્સાઓ વધી ગયા હતાં. રેન્જ ડીઆઈજીની ટીમ આર.આર. સેલે બાતમીના આધારે આજે આ ગેંગના ચાર સુત્રધારોની ધરપકડ કરી લીધી છે. આ ગેંગ રીઢો ગુનેગાર ભુપતસિંહ સિસોદીયા અને ડુંગરસિંહ ખરાડી મળીને ચલાવતા હતાં. પાંચ ચકચારી લુંટ અને ઘરફોડના ગુનાની કબુલાત ઉપરાંત ૫૦ લાખની લુંટનો પ્લાન ઘડયો હોવાની પણ કબુલાત સાગરીતોએ કરી લીધી છે. છરી-ચપ્પા ઉપરાંત આ ટોળકી તેમની પાસે પિસ્તોલ પણ રાખતી હતી.

રેન્જ ડીઆઈજી રાજીવ રંજન ભગતની સુચના અને માર્ગદર્શન હેઠળ તથા અરવલ્લી જિલ્લા પોલિસ અધિક્ષકના સુપરવિઝન હેઠળ ગાંધીનગર રેન્જ આર.આર.સેલ તથા અરવલ્લી પોલીસની ટીમોએ આ ગેંગને પકડવા બાતમીદારો સક્રીય કર્યા હતાં. બાતમી મળી હતી કે મેઘરજ પોલીસ સ્ટેશનની સોનીની લુંટમાં જે વર્ના ગાડી વપરાઈ હતી તે ગાડી રાજસ્થાનના ભુપતસિંહ સિસોદીયાએ રાજસ્થાનથી લુંટી હતી તે લુંટેલી ગાડીનો ઉપયોગ આ લુંટમાં કર્યો હતો. ભુપતની ગેંગના સભ્યમાં ડુંગરપુર રહેતા ડુંગરસિંહ જીવા મનજી ખરાડી, જામ્બુઆનાં બાબુ ડામોર, પ્રવીણ ડુંગરપુરવાળા, સંતરામપુરના કનક વજેસિંહ બિહોલા, મેઘરજના ભાવેશ રણછોડ રાવળ, કનુ ભુરા ટાલીયાર તથા નાથાભાઈ હીરાભાઈ ડામોર કામ કરતા હતા. આ ગેંગ લુંટ, ધાડ, ઘરફોડ જેવા ગંભીર પ્રકારના ગુનાને અંજામ આપવા પિસ્તોલ, ચપ્પા અને છરાનો પણ ઉપયોગ કરતા હતાં. પોલીસે બાતમી મેળવીને કનુ ટાલીયાર, ભાવેશ રાવલ, કનક બિહોલા અને નાથા ડામોરની ધરપકડ કરી લીધી છે.

મુખ્ય સુત્રધાર હજુ ફરાર છે. ચારેયની ઉંડી પુછપરછમાં ૨૩ જાન્યુ ૨૦૧૪એ મેઘરજ ટાઉન શ્રીનાથ સોસાયટીમાં ગાડીનો પીછો કરી ઘર આગળ ફરિયાદી ગાડી પાર્ક કરી ઉતરવા જતા હતા ત્યારે ઝપાઝપી કરી બે રાઉન્ડ ફાયરીંગ કરીને ૫ લાખના દાગીના ભરેલ બેગની લુંટનો ભેદ ઉકેલાઈ ગયો છે. તે ઉપરાંત ધનસુરાની લુંટ, મોડાસામાં લુંટ, ઈસરીમાં મધ્યસ્થ બેંકના શટરનું તાળુ ગેસ કટરથી કાપી તેમાંથી લોખંડની તિજોરીની ચોરી તથા ભિલોડાની ઘરફોડ મળીને પાંચ ગુનાઓના ભેદ ઉકેલાયા છે. મુખ્ય સુત્રધાર સિસોદીયા પોલીસ જામામાંથી ૨૦૧૦માં ભાગી ગયો હતો. ત્યાર બાદ તેણે લૂંટ, ઘરફોડ, બળાત્કાર જેવા ગુનાઓ આચર્યા છે. તે ઉપરાંત આ ગેંગ ૫૦ લાખની લુંટ કરવા એક સોનીને ટાર્ગેટ બનાવી લુંટને અંજામ આપવાનો પ્લાન કર્યો હોવાનું પણ પુછતાછમાં ખુલ્યું છે. પોલીસે મુખ્ય સુત્રધારની તથા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

પ્રજાપતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ દહેગામ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના ૨૭ યુગલોએ પ્રભુતામાં પ્રથમ ચરણ મુક્યા હતા. સમાજ દ્વારા યોજવામાં આવેલ સમૂહ લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નવદંપતિઓને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા, બાળકોને શિક્ષણ આપવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

એસ.ટી. નિગમના કામદારોના પડતર પ્રશ્નો બાબતે ૧૭મી ફેબ્રુઆરીથી નરોડા ખાતે ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા. ૧૧

ગુ.રા.એસ.ટી. કર્મચારી મહામંડળ અને ગુ. સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશનની બનેલ સંકલન સમિતિએ એસ.ટી. નિગમના કામદારોના પડતર પ્રશ્નો બાબતે તા. ૧૦-૨-૨૦૧૪ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે મહામડંળના પ્રમુખ સતુભા ગોહીલ અને જનરલ સેક્રેટરી હસુભાઈ સાલવી તેમજ ફેડરેશનના પ્રમુખ કીરીટભાઈ શાહ અને મહામંત્રી જ્યોતિન્દ્ર વ્યાસની આગેવાની હેઠળ સમગ્ર એસ.ટી. નિગમના કર્મચારી/આગેવાનો વિશાળ સંખ્યાની હાજરીમાં આવેદનપત્ર આપીને લડતના શ્રીગણેશ માંડી છે.

વધુમાં હસુભાઈ સાલવીએ જણાવ્યું છે કે રાજયના મુખ્યમંત્રી જાહેર સભામાં કહેતા હોય કે હું સહાજાદો નથી પરંતુ કામદાર છુ ત્યારે એસ.ટી. કામદારોના કેટલાય પ્રશ્નો સરકારના સનદી અધિકારીઓ અને નિગમ ઉચ્ચ અધિકારીઓએ મંજુરી અર્થે મોકલ્યા છે જે સરકારમાં નિર્ણય સિવાય નિગમમાં પરત કરે છે. તો ગુજરાતના મુખ્યમંત્રી, એસ.ટી. નિગમના કામદારોના ન્યાયી અને સાચા પ્રશ્નો તાત્કાલિક તેમના મંત્રીશ્રીઓ પુર્ણ કરે એવી એસ.ટી. નિગમના કામદારોની માંગ છે.

એસ.ટી. નિગમના કામદારોના રોષ અને આક્રોશ જોતા નિગમના કાર્યપાલક સંચાલક (જાગૃત) અને મુખ્ય વ્યવસ્થાપક(વહીવટ) ૫,૦૦૦ કામદારોની વચ્ચે ઉપસ્થિત થઈ પ્રશ્નો પતાવવાની લાગણી અને માંગણીને વાચા આપવા માટેની ખાત્રી આપેલ છે.

કામદારોના વિવિધ પ્રશ્નો જેવા કે છઠ્ઠા પગાર પંચની વિસંગતતાઓ દૂર કરવા, નવાપગાર ધોરણ પ્રમાણે ઓવર ટાઈમ, આશ્રિતોને નોકરી આપવી, ડ્રાયવર કમ કંડકટર પાસેથી એક જ કામગીરી લેવી, છેલ્લા ૧૦ વર્ષથી બાકી રહેલ ગણવેશ આપવો, રાજકીય કિન્નાખોરીથી કરાતી બદલીઓ બંધ કરવી, શીડ્યુલ આધારીત ભરતી કરવી વગેરે પ્રશ્નોનો ઉકેલ તા. ૧૭-૨-૨૦૧૪ સુધીમાં કરવામાં નહીં આવે તો ગુજરાતના વિવિધ વિભાગોમાંથી મંડળ/મજુર મહાજનના હોદ્દેદારો એસ.ટી. મધ્યસ્થ કચેરી નરોડા, અમદાવાદ ખાતે તબક્કાવાર ઉપવાસ આંદોલન કરશે અને છેલ્લે અંતિમ તબક્કામાં માસ. સી.એલ. ઉપર જશે.

ઉર્સ કાર્યક્રમ યોજાશે

પેથાપુર પાસેના હઝરત પીરાને પીર દસ્તગીર રોશન ઝમીર બડેપીરના ચીલ્લા શરીફ ખાતે આજ રોજ બુધવારે શાનો સોકતથી ઉર્સ મનાવવામાં આવશે. આ પ્રસંગે ગાદી શરીફ સાથે દરગાહ પહોંચશે. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ ઉપસ્થિત રહેવા બાબુભાઈ મનસુરી યંગ કમિટી પેથાપુરે જણાવ્યું છે.

જ્યોતિ મહિલા મંડળની વાનગી હરીફાઈ મુલતવી

જ્યોતિ મહિલા મંડળ આયોજિત વાનગી હરિફાઈ તા. ૧૨મી ફેબ્રુઆરી બુધવારે યોજેલ હતી તે અનિવાર્ય સંજોગોને કારણે બંધ રાખેલ છે. ખજાનચી શ્રીમતી કોકિલાબેન આર. નાયકે જણાવેલ છે.

વાલમ બ્રાહ્મણ સમાજનો શૈક્ષણિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાયત્રી પરિવાર હેરો લંડન દ્વારા વાલમ બ્રાહ્મણ સમાજના પરિવારના બાળકોને શૈક્ષણિક સહાય આપવાનો કાર્યક્રમ તા. ૨જી માર્ચ, રવિવારે ખોડિયારનગર વિદ્યા નિકેતન હાઈસ્કુલ અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

ગુજરાતમાં વસતા વાલમ બ્રાહ્મણ પરિવારોને લંડન ખાતે વસતા ગાયત્રી પરિવારના કનકભાઈ વ્યાસ અને પ્રેમીલાબેન વ્યાસ સમાજના આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે પછાત અને વિધવા ત્યકતાઓને દર વર્ષે સહાય આપવાનું ભગીરથ કાર્ય કરે છે.

લંડનમાં વસતા કર્મકાંડી બ્રાહ્મણોને યજ્ઞ કે ધાર્મિક કાર્ય કરવાથી જે દક્ષિણા પ્રાપ્ત થાય છે તે રકમને જરૂરતમંદ વાલમ સમાજના જ્ઞાતિજનોને સહાય રૂપે આપવામાં આવશે. લાભ લેવા સૂર્યકાંત પુરોહિત ૦૨૬૫૨૪૨૮૪૪ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

-જાસત્તાક પર્વ, નવી દિલ્હી ખાતે ઉજવણીમાં યોજાયેલ આર. ડી. પરેડમાં ગુજરાતનું -તિનિધિત્વ કરનાર એન.એસ.એસ.ના ૮ વિદ્યાર્થી અને ૧ દલ -ભારીએ આજે ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી.

વધુમાં નવી દિલ્હી ખાતે એક મહિનો રોકાયેલી એન.એસ.એસ.ની ટીમે -જાસત્તાક પર્વ પરેડની સાથે -વાસી ભારતીય દિવસની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને એકેડમીક ક્ષેત્રે યોજાયેલા વિવિધ સત્રોમાં ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે એન.એસ.એસ.ની ટીમે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડા-ધાનની શુભેચ્છા મુલાકાત પણ લીધી હતી. પરેડમાં ભાગ લીધેલા રાજ્યના વિવિધ કોલેજના કુલ ૮ વિદ્યાર્થીઓમાં ૩ વિદ્યાર્થીનીઓનો પણ સમાવેશ થાય છે. આ -સંગે એન.એસ.એસ.ના -દેશિક સેન્ટરના યુથ ઓફિસર શ્રી કમલકુમાર કર, દલ -ભારીશ્રી ડૉ. રણછોડ રથવી અને -ધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

આજે કોલવડા શિવકથામાં માતાજી પ્રાગટ્ય પ્રસંગ

ગાંધીનગર, તા. ૧૧

કોલવડા ગામ ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ચાલી રહેલી શિવકથામાં આવતીકાલે બપોરે ૨ વાગે માતાજી પ્રાગટ્યનો પ્રસંગ રજૂ થશે. કોલવડાના લાલઘર માતાજીના સાનિધ્યમાં ચાલી રહેલ આ શિવકથાનો લાભ લેવા તેમજ માતાજી પ્રાગટ્ય પ્રસંગનું રસપાન માણવા ધર્મપ્રેમી જનતાને આહ્વાહન કરાયું છે.

લેઉઆ પાટીદાર સમાજનો ૨૭મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧૧

દશગામ લેઉઆ પાટીદાર સમૂહ લગ્ન સંસ્થાન ગાંધીનગર દ્વારા ૨૭મો સમૂહ લગ્નોત્સવ તા. ૧૬ ફેબ્રુઆરી રવિવારના રોજ કાન્તિભાઈ પટેલ સમાજવાડી ધમાસણા ખાતે યોજવામાં આવશે. જેમાં ધોળકા સ્વામિનારાયણ મહંત પૂર્ણ પ્રકાશદાસ કાલુપુર મંદિરના રાજેન્દ્રપ્રસાદ તેમજ સમાજના અગ્રણીઓ નરહરીભાઈ અમીન, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

મહુન્દ્રા ગામેથી ટ્રેકટર ચોરી જનાર શખ્સ દોઢ વર્ષે ઝડપાયો

પ્રાંતિજથી રાજસ્થાની શખ્સ ચિલોડા તરફ ટ્રકટર સાથે આવી રહ્યો હતો : ચિલોડા પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા મહુન્દ્રા ગામની સીમમાંથી દોઢ વર્ષ અગાઉ ટ્રોલી સાથેનું ટ્રેકટર ચોરી થઈ જવા પામ્યું હતું. આ ચોરીના ટ્રેકટર સાથે ગઈ કાલે એક રાજસ્થાની શખ્સને ચિલોડા પોલીસે ઝડપી પાડયો છે. તેણે જ દોઢ વર્ષ પહેલા ચોરી કરી હોવાની કબુલાત કરી છે. પોલીસે ૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ પુછતાછ શરુ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

મહુન્દ્રા ગામની સીમમાંથી દોઢ વર્ષ પહેલા ૧૯ જુન ૨૦૧૨ના રોજ ઈસનપુર મોટા ગામમાં રહેતા રમણભાઈ પ્રજાપતિનું ટ્રોલી સાથેનું ૩ લાખની કિંમતનું ટ્રેકટર ચોરાઈ ગયું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. જો કે આરોપી મળી આવ્યો ન હતો. દરમિયાન ગઈ કાલે ચિલોડા પી.આઈ. કે.કે. પંડયાની ટીમને બાતમી મળી હતી કે ટ્રેકટર ચોરીનો આરોપી પ્રાંતિજથી ચિલોડા તરફ જઈ રહ્યો છે તેને આધારે ચંદ્રાલા પર વોચ ગોઠવી તે રાજસ્થાની શખ્સ પરમેશ લાલુ કટારાની ચોરીના ટ્રેકટર સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે ટ્રેકટર રીકવર કરીને ટ્રેકટર ચોરીની વધુ પુછતાછ શરુ કરી છે.

જૂના બોરીજ ગામમાં માત્ર ૨૩ જ ગ્રેજ્યુએટ

સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એનએસએસ કેમ્પ દરમ્યાન કરાયેલા સર્વેમાં ચોંકાવનારી વિગતો : મેડીકલ ચેકઅપ કેમ્પ પણ કરાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરને અડીને આવેલા જૂના બોરીજ ગામે સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એનએસએસ કેમ્પ યોજાયો છે. તા. ૭મી ફેબ્રુઆરીથી પ્રારંભ થયેલી આ શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં વિવિધ સેવાકાર્યો હાથ ધરાયા છે. તેમજ કેટલાક સર્વે કરવામાં આવ્યા હતા. જેમાં ચોંકાવનારા તથ્યો માલુમ પડ્યા હતા. ગાંધીનગર મનપાના કોર્પોરેટરો દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલ આ કેમ્પના બીજા દિવસે વિદ્યાર્થીઓએ ગામમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક સર્વે કરાયા હતા. આ સર્વે દરમ્યાન વિદ્યાર્થીઓને કેટલાક ચોંકાવનારા પરિણામો જોવા મળ્યા હતા. દીવા તળે અંધારૂ ઉક્તિને યથાર્થ કરાવતા આ પરિણામો મુજબ ગામમાં ૩૦૬ ઘરની વસ્તીમાં માત્ર ૨૩ જ ગ્રેજ્યુએટ થયેલા વ્યક્તિ છે. આમ ગામમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ખૂબ નહિવત્ જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓએ કરેલા આરોગ્ય વિષયક સર્વેમાં આ ગામના રહીશોમાં ખૂબજ અલગ પ્રકારની બિમારીઓ જોવા મળી હતી. જેમાં સૌથી વધુ પ્રમાણ માથા, પેટ અને પગના દુઃખાવાનું જોવા મળ્યું હતું. આ સર્વેને ધ્યાનમાં રાખીને શિબિરાર્થીઓ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમના સહયોગથી મેડિકલ ચેકઅપ કેમ્પ પણ જુના બોરીજ ગામમાં યોજ્યો હતો. આ મેડિકલ ચેકઅપ દરમ્યાન ગ્રામવાસીઓને ડોક્ટરોએ બીપી, ડાયાબીટીશ તેમજ ઓર્થોપેડીક રોગોનું નિદાન કર્યું હતું તેમજ દવાના પ્રિસ્ક્રીપશન પણ લખી આપ્યા હતા જેથી સિવિલ હોસ્પિટલમાંથી દર્દીઓ દવા મેળવી શકે. આ મેડીકલ ચેકઅપમાં એક સેવાભાવી સંસ્થા યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ ફિઝીયોથેરાપીની સેવાઓ આપી હતી. ડૉ. તલાટીએ ૧૩૭ દર્દીઓનું ચેકઅપ કરી નિદાન કર્યું હતું તેમજ ગ્રામવાસીઓને મેડીકલ અવેરનેસ અંગે માહિતી આપી હતી. એનસીડી વિભાગના ડૉ. ચિંતન ગોંડલિયાએ પણ આ શિબિર દરમ્યાન તેમની સેવાઓ આપી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૯

તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે 33 ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સિરાગ સિનેમા(કલોલ)

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- વિશ્વકર્મા જયંતિ નિમિત્તે વિશ્વકર્મા પંચાલ સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

આપની આજ

મેષ : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મિથુન : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે.

સિંહ : સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે.

વૃશ્ચિક : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે.

મીન : આર્થિકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. કાન્તીજી ધૂળાજી સોલંકી (ઉ.વ. ૪૫) મુ.પો .બુટાકિયા (ડભોડા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કેશવલાલ બબુલભાઈ પટેલ(ઉ.વ. ૮૫) સંકલ્પ રેસીડેન્ટસી, ઈ-૧૦૩, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રજનીકાન્ત દામોદરદાસ ત્રિવેદી (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૨૮, સેકટર-૧૯, ગાંધીનગર.